GJGS030009062024

| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૦/૧૧/૨૦૨૪ |
| નોંધ્યા તારીખ | ૨૦/૧૧/૨૦૨૪ |
| ફેસલ તારીખ | ૦૩/૦૮/૨૦૨૬ |
| સમયગાળો | દિવસ–મહીના–વર્ષ |
| | ૦૧ ૦૮ ૧૫ |

**ગીરસોમનાથ જીલ્લાના મહે. ત્રીજા એડીશ્નલ સેશન્સ જજશ્રી તથા સ્પેશ્યલ જજ (પોક્સો) ની કોર્ટ સમક્ષ, મુ. ઉના.**

==================================================

**–II પોક્સો કેસ નં. નં. ૨૦/૨૦૨૪ II–**

==================================================

**આંક–**

## FORM–A

| | |
|---|---|
| **જજમેન્ટ તારીખ** | ૦૩/૦૮/૨૦૨૬ |
| **પોક્સો કેસ નંબર** | ૨૦/૨૦૨૪ |
| **ગુનાની કલમ** | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૭૫(૩), ૩૫૧(૧) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૪, ૬, ૧૨, ૧૮ |
| **ગુના રજી.નં.** | ગીરગઢડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૮૬૦૦૧૨૪૦૭૮૨/૨૦૨૪ |
| **ફરીયાદી** | શ્રી સરકાર |
| **ફરીયાદ પક્ષે** | વિ.પ્રોસીકયુટર શ્રી એમ.કે.ગોહેલ |
| **આરોપી** | કાળુભાઇ નાનજીભાઇ જેઠવા,<br>રહે.પીછવી, ઠે.ખોડીયાર મંદીરની બાજુમાં,<br>તા.ગીરગઢડા, જી.ગીર સોમનાથ. |
| **બચાવપક્ષે** | આરોપી તરફે – વિ.વ.શ્રી આર.એ.પરમાર |

## FORM–B

| | |
|---|---|
| **ગુનાની તારીખ** | ૨૮/૦૯/૨૦૨૪ |
| **એફ.આઇ.આર. ની તારીખ** | ૦૭/૧૦/૨૦૨૪ |
| **ચાર્જશીટની તારીખ** | ૧૮/૧૧/૨૦૨૪ |
| **તહોમતનામુ ઘડયાની તારીખ** | ૦૯/૦૬/૨૦૨૫ |
| **પુરાવો શરૂ કર્યા તારીખ** | ૦૨/૦૯/૨૦૨૫ |

| | |
|---|---|
| **ચુકાદા માટે રાખ્યાની તારીખ** | ૨૧/૦૭/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | ૦૩/૦૮/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ, જો હોય તો.** | – |

## – આરોપીની વિગત –

| આરોપીનો અનુ.નં. | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુકિતની તારીખ | અધિનીયમ અને કલમ | શું નિર્દોષ છોડયા/ સજા કરી | કરવામાં આવેલ સજા | BNSS કલમ-૪૬૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | કાળુભાઇ નાનજીભાઇ જેઠવા | ૦૮/૧૦/ ૨૦૨૪ | ૨૫/૦૨/૨૦૨૫ | બી.એન.એસ. કલમ ૭૫(૩), ૩૫૧(૧) તથા પોક્સો એકટની કલમ ૪, ૬, ૧૨, ૧૮ | નિર્દોષ ઠરાવી છોડી મુકેલ છે. | – – – | – – – |

## FORM-C
## –ફરીયાદપક્ષ તરફેના સાહેદોની યાદી–

| સાહેદ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| **મુખ્ય સાહેદો** | | | |
| ૧ | ૧૨ | ભોગ બનનાર નં.૧ | ભોગ બનનાર |
| ૨ | ૧૪ | નયનાબેન મેરુભાઇ ભાલીયા | ફરીયાદી |
| ૩ | ૧૬ | ભોગ બનનાર નં.૨ | ભોગ બનનાર |
| **સ્વતંત્ર સાહેદો** | | | |
| ૪ | ૧૮ | ભીમાભાઇ કાળુભાઇ કવાડ | સાહેદ |
| ૫ | ૧૯ | પારસભાઇ ધીરુભાઇ બાંભણીયા | સાહેદ |
| ૬ | ૩૦ | મેરુભાઇ જોધાભાઇ ભાલીયા | સાહેદ |
| ૭ | ૩૧ | જસુભાઇ જોધાભાઇ ભાલીયા | સાહેદ |
| ૮ | ૩૨ | ગૌતમભાઇ જસુભાઇ ભાલીયા | સાહેદ |
| ૯ | ૩૩ | હીરુબેન કાળુભાઇ કવાડ | સાહેદ |
| ૧૦ | ૩૪ | ભુપતભાઇ ભગવાનભાઇ જાદવ | સાહેદ |
| ૧૧ | ૩૭ | શૈલેષભાઇ દાદુભાઇ ભાલીયા | સાહેદ |
| ૧૨ | ૩૮ | સુંદરબેન જોધાભાઇ ભાલીયા | સાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૧૩ | ૩૯ | ભાવનાબેન ઉર્ફે ભાણીબેન રેવતભાઇ ભાલીયા | સાહેદ |
| ૧૪ | ૪૧ | રેવતભાઇ જોધાભાઇ ભાલીયા | સાહેદ |
| ૧૫ | ૪૨ | જયદીપભાઇ જશુભાઇ ભાલીયા | સાહેદ |
| **પોલીસ સાહેદો** | | | |
| ૧૬ | ૨૫ | ધ્રુપલબેન નારણભાઇ બારડ | પોલીસ સાહેદ |
| ૧૭ | ૪૭ | ગીતાબેન મનુભાઇ ડાભી | પોલીસ સાહેદ |
| ૧૮ | ૫૫ | મેહુલકુમાર પ્રવિણભાઇ ચૌહાણ | તપાસ અધિકારી |
| ૧૯ | ૫૬ | યશવંત રાજાભાઇ ચૌહાણ | તપાસ અધિકારી |

**બચાવપક્ષ તરફે કે કોર્ટ દ્વારા કોઈ સાહેદો તપાસવામાં આવેલ નથી.**

**એ. ફરિયાદ પક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટઃ–**

| અનુ.નં. | આંક/ સાહેદ નં. | વિગત |
|---|---|---|
| ૧ | ૧૩/૧ | ભોગબનનાર નં.૧ નુ બી.એન.એસ.એસ. ની કલમ ૧૮૩ મુજબનુ નીવેદન |
| ૨ | ૧૫/૨ | ફરીયાદ |
| ૩ | ૧૭/૩ | ભોગબનનાર નં.૨ નુ બી.એન.એસ.એસ. ની કલમ ૧૮૩ મુજબનુ નીવેદન |
| ૪ | ૨૦/૫ | જન્મ તારીખો દાખલો મેળવવાની યાદી |
| ૫ | ૨૧/૫ | ભોગ બનનાર નં.૧ નું જન્મનું પ્રમાણપત્ર |
| ૬ | ૨૨/૫ | ભોગ બનનાર નં.૨ નું જન્મનું પ્રમાણપત્ર |
| ૭ | ૩૫/૧૧ | પીછવી પ્રાથમીક શાળાના હાજરીપત્રકની ખરીનકલ |
| ૮ | ૩૬/૧૧ | ગીરગઢડા પો.સ્ટે. ને લખેલ ફોરવર્ડીંગ લેટર |
| ૯ | ૪૮/૧૭ | ગુનો રજીસ્ટર કરવા અંગેનો પત્ર |
| ૧૦ | ૪૯/૧૭ | તપાસ ડેપ્યુટનો હુકમ |
| ૧૧ | ૫૦/૧૭ | એફ.આઇ.આર. |
| ૧૨ | ૫૭/૧૯ | એફ.એસ.એલ. નો રવાનગી પત્ર તથા તે સાથેનો પરીક્ષણ રીપોર્ટ તથા બી.એસ.એ. કલમ–૬૩(૪)(સી) મુજબનું પ્રમાણપત્ર |
| **નીચે મુજબના દસ્તાવેજો આરોપી પક્ષે કબુલ રાખેલ છે.** | | |

| | | |
|---|---|---|
| ૧ | ૨૩ | બનાવવાળી જગ્યાનું પંચનામુ |
| ૨ | ૨૪ | આરોપીનું અટક તથા મુદામાલ કબજે કર્યાનું પંચનામુ |

**બી.** બચાવ પક્ષ તરફે કોઈ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ નથી.

**સી. કોર્ટ તરફે કોઈ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ નથી.**

==================================================

**ગુન્હો :–** ભારતીય ન્યાય સંહિતાની કલમ–૭૫(૩), ૩૫૧(૧) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૪, ૬, ૧૨, ૧૮

==================================================

## –: ચુ કા દો :–

**(બી.એન.એસ.એસ., ૨૦૨૩ ની કલમ–૨૫૮ ની સાથે વાંચતા કલમ– ૩૯૨)**

૧. **ફરીયાદપક્ષની હકીકત :–** આ ચુકાદામાં ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ, ૨૦૧૨, તે હવે પછી પોકસો એકટ તરીકે ઉલ્લેખવામાં આવેલ છે અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ને બી.એન.એસ. તરીકે ઉલ્લેખવામાં આવેલ છે અને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ને બી.એન.એસ.એસ. તરીકે ઉલ્લેખવામાં આવેલ છે.

૨. **ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,** તા.૨૮/૦૯/૨૦૨૪ ના કલાક ૦૯:૦૦ વાગ્યાના અરસામાં ફરીયાદીની સગીરવયની દીકરી ભોગ બનનાર ડો/ઓફ મેરુભાઇ જોધાભાઇ ભાલીયા, ઉ.વ.૦૯ તથા ફરીયાદીના પાડોશમાં રહેતા સાહેદ ભીમભાઇ કાળુભાઇ કવાડની સગીરવયની દીકરી ભોગ બનનાર, ઉ.વ.૦૯ વાળીઓ પીછવી ગામે આવેલ ખોડીયાર મંદીરે દીવા કરવા ગયેલ ત્યારે આરોપી ત્યાં મંદીરે હોય આરોપીએ બંને ભોગ બનનારને પોતાની પાસે બોલાવી પોતાના રેડ–મી કંપનીના

એન્ડ્રોઇડ મોબાઇલ ફોનમાં VIDMATE એપ્લીકેશનમાં TXXX નામના ફોલ્ડરમાં છોકરા છોકરીઓના ખરાબ નગ્ન વીડીયો દેખાડી બંને ભોગ બનનારના કપડા ઉતરાવી તથા પોતાના કપડા ઉતારી પોતાનુ ગુપ્તઅંગ દેખાડેલ, જેથી બંને ભોગ બનનાર ડરી ગયેલ અને રડવા લાગતા આરોપીએ બનાવ અંગે કોઇને જાણ કરશે તો જાનથી મારી નાખવાની ધમકી આપેલ, તે મતલબની ફરીયાદ ફરીયાદી નયનાબેન વા/ઓ મેરુભાઇ જોધાભાઇ ભાલીયાએ ગીરગઢડા પોલીસ સ્ટેશન સમક્ષ આપેલી, જે ફરીયાદ આધારે ગીરગઢડા પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબર ૧૧૧૮૬૦૦૧૨૪૦૭૮૨/૨૦૨૪ થી આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૭૫(૩), ૩૫૧(૧) તથા પોકસો એકટની કલમ-૪, ૬, ૧૨, ૧૮ મુજબનો ગુનો નોંધવામાં આવેલ.

૩. ત્યારબાદ પોલીસ તપાસ પુરી થતા પોલીસે આરોપી વિરૂદ્ધ બી.એન.એસ.એસ.ની કલમ-૧૯૩ મુજબ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૭૫(૩), ૩૫૧(૧) તથા પોકસો એકટની કલમ-૪, ૬, ૧૨, ૧૮ મુજબના ગુનાના આક્ષેપો કરતુ ચાર્જશીટ સ્પે.કોર્ટ, ઉનામાં રજૂ કરતા તેને સ્પે.પોકસો કેસ રજીસ્ટરે સ્પે.પોકસો કેસ નં.૨૦/૨૦૨૪ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

## ૪. <u>તહોમતનામા અંગે</u> :-

૪.૧ આ કેસમાં આરોપી જામીન મુકત છે. આરોપી સામે બી.એન.એસ.એસ. ની કલમ-૨૫૧(૧)(બી) મુજબ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૭૫(૩), ૩૫૧(૧) તથા પોકસો એકટની કલમ-૪, ૬, ૧૨, ૧૮ મુજબના ગુનાનું તહોમતનામુ મારા પુરોગામીશ્રી ધ્વારા આંક-૦૯ થી ફરમાવવામાં આવેલ અને જે સંદર્ભે આંક-૧૦ થી આરોપીનું નિવેદન તહોમતનામા સંદર્ભે લેતા આરોપી ગુનો કબુલ ન હોવાનું જણાવતા બી.એન.એસ.એસ. ની કલમ-૨૫૪(૧) મુજબ સાક્ષીઓ તપાસવામાં આવેલા.

**<u>પુરાવો નોંધવાની કાર્યવાહીઃ</u>**

**૪.૨** આરોપી વિરુદ્ધ આંક–૦૯ થી ફરમાવવામાં આવેલા તહોમતનામાની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ તરફે ઉપરોક્ત **ફોર્મ–'સી'** માં જણાવ્યા મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે.

**<u>આરોપીનું વિશેષ નિવેદનઃ</u>**

**૪.૩** ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ આંક–૫૮ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી ફરિયાદ પક્ષનો પુરાવો પૂરો થયાનું જાહેર કરેલ છે. બાદમાં આરોપીનું બી.એન.એસ.એસ. ની કલમ–૩૫૧ સાથે કલમ–૨૫૬ મુજબનું વધારાનું નિવેદન લેવામાં આવેલુ, જેમાં આરોપી જણાવે છે કે, તેઓ નિર્દોષ છે, તેઓએ આક્ષેપિત ગુનો કરેલ નથી, પરંતુ તેઓની સામે ખોટા આક્ષેપો કરવામાં આવેલ છે અને અંતમાં તેઓએ પોતાને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**૪.૪** સદર કામે બી.એન.એસ.એસ. ની કલમ–૨૫૭ મુજબ વિ. એ.પી.પી.શ્રી ની દલીલ સાંભળી તેમજ આરોપી પક્ષે વિ.વ.શ્રી આર.એ.પરમારની દલીલ સાંભળી.

**<u>પક્ષકારોની દલીલો</u> :–**

## ૫. વિ. <u>એ.પી.પી.શ્રી ની દલીલ</u> :–

**૫.૧** વિધ્વાન એ.પી.પી.શ્રીએ મૌખીક દલીલ કરતા રજુઆત કરેલ છે કે, આ કામે આરોપીએ બે સગીર વયની ભોગ બનનારને પોતાના મોબાઇલમાં અશ્લીલ વીડીયો બતાવીને પોતાનું ગુપ્તાંગ બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી ગંભીર પ્રકારનો બાળ અત્યાચારનો ગુનો કરેલ છે. આ કામમાં બંને ભોગ બનનારની ઉંમર માત્ર નવ વર્ષની સગીર વયની છે. આ બંને ભોગ બનનાર સગીર

વયની હોવાની હકીકત આંક–૨૧ તથા આંક–૨૨ ના રજુ થયેલ જન્મના પ્રમાણપત્રોથી પુરવાર થાય છે. તેમજ ફરીયાદી કે જે ભોગ બનનારના માતા છે તેઓને આંક–૧૪ થી તપાસેલા છે અને તેઓના પુરાવામાં આંક–૧૫ થી ફરીયાદ રજુ થયેલ છે, જે ફરીયાદ જોતા તેમાં ભોગ બનનાર ડો/ઓ મેરુભાઇ જોધાભાઇની ઉમર ૦૯ વર્ષની અને ભોગ બનનાર ડો/ઓ ભીમભાઇ કવાડની ઉમર ૦૯ વર્ષની જણાવેલી છે અને બનાવ તા.૨૮/૦૯/૨૦૨૪ ના રોજ બનેલ છે, જેથી બનાવ સમયે બંને ભોગ બનનાર સગીર હોવાની હકીકત પુરવાર થાય છે. વધુમાં, બંને ભોગબનનારના પુરાવામાં બી.એન.એસ.એસ. ની કલમ–૧૮૩ મુજબના નિવેદનો રજુ થયેલ છે, જેમાં સ્પષ્ટ હકીકત આવેલ છે કે આરોપીએ તેઓ બંનેને અશ્લીલ વીડીયો બતાવી પોતાનું ગુપ્તાંગ બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપેલ છે. ફરીયાદીની ફરીયાદને તપાસ અધિકારીના પુરાવાથી પણ સમર્થન મળે છે. જેથી આરોપી વિરુધ્ધ પોકસો એકટનો ગુનો નિ:શંકપણે પુરવાર થાય છે. આમ, ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધ તહોમતનામામાં જણાવેલ ગુનો નિ:શંકપણે પુરવાર કરી શકેલ હોય આરોપીને તકસીરવાન ઠરાવવા અરજ કરેલ છે.

## ૬. <u>બચાવપક્ષની દલીલ</u> :–

૬.૧ ત્યારબાદ આરોપી તરફે વિ.વ.શ્રી આર.એ.પરમાર નાઓએ દલીલ કરતા રજુઆત કરેલ છે કે, આ કામનો બનાવ તા.૨૮/૦૯/૨૦૨૪ ના રોજ બનેલો છે અને ફરીયાદ તા.૦૭/૧૦/૨૦૨૪ ના રોજ આપેલ છે. આમ, ફરીયાદીએ નવ દિવસ મોડી ફરીયાદ કરેલ છે અને ફરીયાદ મોડી કરવાના કોઇ કારણો પોતાની ફરીયાદમાં જણાવેલ નથી, જે સ્વયં શંકા ઉપસ્થીત કરે છે. પ્રસ્તુત કેસમાં મહત્વનો પુરાવો બંને ભોગબનનારનો છે અને તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થનકારી પુરાવો રજુ કરેલ નથી. તેમજ ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ ફરીયાદીએ પણ પોતાની જ

ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી. આમ, ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો બંને ભોગબનનારના પુરાવામાં તથા ફરીયાદીના પુરાવામાં વિશ્વસનીયતા જણાતી નથી અને તેમના પુરાવાને અન્ય કોઇ પુરાવાથી સમર્થન મળતુ નથી. વધુમાં આ કામના સરકારી સાહેદો સિવાયના કોઇ જ સાહેદે ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી. માત્ર તપાસ કરનાર અમલદારોના પુરાવાના આધારે આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી. આ સંજોગોમાં આરોપી વિરુધ્ધ મુકેલ તહોમત પુરવાર થતુ ન હોય, આરોપીને નીર્દોષ છોડી મુકવા અરજ કરેલ છે.

**૭. પોઇન્ટ ફોર ડીટરમીનેશન બી.એન.એસ.એસ. ની કલમ–૩૯૩(ડી) મુજબ :–**

**૭.૧** શું ફરિયાદપક્ષ વાજબી શકથી પર સાબિત કરે છે કે, આ કામની બંને ભોગ બનનાર બનાવ વખતે સગીર વયના હતા?

**૭.૨** શું ફરિયાદપક્ષ વાજબી શકથી પર સાબિત કરે છે કે, તા.૨૮/૦૯/૨૦૨૪ ના કલાક ૦૯:૦૦ વાગ્યાના અરસામાં ફરીયાદીની તથા સાહેદ ભીમભાઇ કાળુભાઇ કવાડની સગીરવયની દીકરીઓ બંને ભોગ બનનાર, ઉ.વ.૦૯ વાળીઓ પીછવી ગામે આવેલ ખોડીયાર મંદીરે દીવા કરવા ગયેલ ત્યારે આરોપીએ બંને ભોગ બનનારને પોતાના રેડ–મી કંપનીના એન્ડ્રોઇડ મોબાઇલ ફોનમાં છોકરા છોકરીઓના ખરાબ નગ્ન વીડીયો દેખાડી બંને ભોગ બનનારના કપડા ઉતરાવી તથા પોતાના કપડા ઉતારી પોતાનુ ગુપ્તઅંગ દેખાડી જાનથી મારી નાખવાની ધમકી આપી ભારતીય ન્યાય સંહીતાની કલમ–૭૫(૩), ૩૫૧(૧) તથા ધી પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન ફ્રોમ સેકયુઅલ

ઓફેન્સીસ એકટ ૨૦૧૨ ની કલમ–૪, ૬, ૧૨, ૧૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**૭.3** શુ આખરી હુકમ ?

## ૮. ઉપરોકત મુદાઓ પરત્વે અદાલતનું તારણ નીચે મુજબ છે.

(૧) ''**હકારમાં**''

(૨) ''**નકારમાં**''

(૩) ''**આખરી હુકમ મુજબ**''

**<u>: : કારણો : :</u>**

૯. **<u>બી.એન.એસ.એસ. ની કલમ–૩૯૩(૧)(બી) મુજબ</u> :–** ભારતીય ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમ તથા ક્રિમીનલ જયુરીસપુડન્સ મુજબ ફરિયાદપક્ષે તેનો કેસ વાજબી શકથી પર સાબિત કરવાનો રહે છે. વધુમાં, ફરિયાદપક્ષે તેનો કેસ સીધા પુરાવાથી કે સાંયોગીક પુરાવાથી સાબિત કરવાનો રહે છે.

**૯.૧** વધુમાં, કોઈપણ દંડાત્મક કાનૂનનું અર્થઘટન કરતી વખતે તેને "Strictly construed" કરવાનું રહે છે, એટલે અદાલતે કાયદાનાં શબ્દો (Litera legis) કરતાં આગળ વધવું જોઈએ નહીં. ફરિયાદપક્ષે તેમનો કેસ વાજબી શકથી પર સાબિત કરવાનો હોય છે અને કોઈપણ ભૂલ ભરેલી સજા સમાજ તથા આરોપી માટે ખુબ જ ગંભીર બાબત છે. જેથી સજા કરતી વખતે અદાલતે ધ્યાનમાં રાખવાનું હોય છે કે, એક ડાહયો માણસ અદાલત સમક્ષ પડેલી બાબતો વિચારતા એવા નિર્ણય ઉપર પહોંચે કે, આરોપી શકથી પર ગુનેગાર છે.

**૯.૨** આ કામમાં આરોપી સામે પોકસો એકટની કલમ–૪, ૬, ૧૨, ૧૮ મુજબનો પણ આક્ષેપ છે. તે સંજોગોમાં પોકસો એકટની કલમ–૨૯ પણ ચિત્રમાં આવે છે અને તે નીચે મુજબ છે.

**"29.Presumption as to certain offences :-**

Where a person is prosecuted for committing or abetting or attempting to commit any offence under Section 3, 5, 7 and Section 9 of the Act, the Special Court shall presume, that such person has committed or abetted or attempted to commit offence, as the case may be unless the contrary is proved."

આમ, ઉપરોકત કલમ–૨૯ મુજબ જયારે આરોપી સામે કલમ–૪, ૬, ૧૨, ૧૮ ના ગુનાનો આક્ષેપ છે ત્યારે પોકસો એકટની કલમ–૨૯ મુજબ જયાં સુધી વિરૂધ્ધનું પુરવાર ન થાય ત્યાં સુધી અદાલતે આરોપીએ ઉપરોકત કલમ મુજબનો ગુનો કરેલ છે તેવુ અનુમાન કરવાનુ હોય છે અને જયારે ધારાસભાએ Shall શબ્દનો ઉપયોગ કરેલ છે ત્યારે અને તે સંજોગોમાં અદાલતે કલમ–૨૯ મુજબની હકીકત નાસાબિત થાય ત્યાં સુધી તેવી હકીકત સાબિત થઇ છે તેવુ અનુમાન કરવાનું રહે છે, પરંતુ આ કલમ–૨૯ મુજબનું અનુમાન અદાલત કરે તે માટે એટલે કે, અનુમાન કરી શકે તેટલી પાયાની હકીકત પ્રોસીકયુશને અદાલત સમક્ષ રજુ કરવાની રહે છે.

૯.3 ભારતીય સાક્ષ્ય અધિનીયમની કલમ–૫૪ મુજબ કોઇપણ હકીકત, દસ્તાવેજની અને ઇલેકટ્રોનીકસ રેકર્ડસના કન્ટેન્સ સિવાયની મૌખિક પુરાવાથી સાબિત થઇ શકશે, એટલે કે, જો દસ્તાવેજ અથવા ઇલેકટ્રોનીક રેકર્ડ સિવાયની કોઇ હકીકત સાબિત કરવાની હોય તો તે મૌખિક પુરાવાથી સાબિત થઇ શકશે. મૌખિક પુરાવાની વ્યાખ્યા ભારતીય સાક્ષ્ય અધિનીયમની કલમ–૨ માં નીચે મુજબ આપવામાં આવેલી છે, જે નીચે મુજબ છે, EVIDENCE :- Evidence means and includes -

<u>2. All statements which the Court permits or requires to be made before it by witnesses, in relation to matters of fact under inquiry, such statements are called oral evidence,</u>

આમ, તપાસ હેઠળ હોય તેને લગતી હકીકતોની બાબતમાં અદાલત પરવાનગી આપે અથવા કરવી જરૂરી જણાવે તેવા સાહેદોએ કરેલા તમામ નિવેદનો મૌખીક પુરાવા કહેવાય છે. ઉપરોકત બાબતને મૌખિક પુરાવો ગણવામાં આવે છે અને મૌખિક પુરાવાની વાત આવે ત્યારે સીધા પુરાવાની તેમજ હીયર સે પુરાવાની અને હીયર સે પુરાવાના અપવાદોની વાત પણ આવે છે અને સીધા પુરાવાની વ્યાખ્યા ભારતીય સાક્ષ્ય અધિનીયમની કલમ–૫૫ માં આપવામાં આવેલી છે, જે નીચે મુજબ છે.

**"55. Oral Evidence must be direct :**

Oral Evidence must, in all cases whatever, be direct; that is to say it refers to a fact which could be seen, it must be the evidence of a witness who says he saw it;

If it refers to a fact which could be heard, it must be the evidence of a witness who says he heard it;

If it is refers to a fact which could be perceived by any other sense or in any other manner, it must be the evidence of a witness who says he perceived it by that sense or in that manner;

If it refers to an opinion or to the grounds on which that opinion is held, it must be the evidence of the person who holds that opinion on those grounds:

Provided that the opinions of experts expressed in any treatise commonly offered for sale, and the grounds on such opinions are held, may be proved by the production of such treatises if the author is dead or cannot be found, or has become incapable of giving evidence, or cannot be called as a witness without an amount of delay or expense which the Court regards as unreasonable;

Provided also that, if oral evidence refers to the existence or condition of any material thing other than a document, the Court may, if it thinks ft,require the production of such material thing for its inspection."

આમ, કલમ–૫૫ લક્ષમાં લેતા એવો પુરાવો આવે છે કે, જે વ્યકિતએ પોતાની પાંચ ઇન્દ્રીય પૈકી કોઇ એક ઇન્દ્રીયથી કે એક કરતા વધારે ઇન્દ્રીયથી કોઇ હકીકત અનુભવી હોય અને અનુભવેલી

આ હકીકત અદાલતમાં રજુ કરે તો તેને સીધો પુરાવો ગણવામાં આવે છે. આ સિવાય પણ નિષ્ણાંતના પુરાવાને પણ ભારતીય સાક્ષ્ય અધિનીયમની કલમ–૫૫ માં જણાવ્યા મુજબ તેટલા અંશે સીધો પુરાવો ગણેલ છે.

૯.૪ ભારતીય સાક્ષ્ય અધિનીયમની કલમ–૨૬ માં આવતા પુરાવાનો ભારતીય સાક્ષ્ય અધિનીયમની કલમ–૧૫ થી ૨૪ માં પડતા પુરાવાથી, જે પણ સીધા પુરાવાના અપવાદો છે, તેનાથી સાબિત કરવાની હોય છે અથવા તો સાંયોગીક પુરાવાની કડી મેળવીને સાબિત કરવાની હોય છે. જો કે સાંયોગીક પુરાવો પુરવાર કરવામાં પણ સીધો પુરાવો કે સીધા પુરાવાના અપવાદોની જરૂરીયાત રહે છે.

## ૧૦. <u>તપાસ એજન્સીની તપાસ મુજબ સાક્ષીઓના પુરાવાનો પ્રકાર</u> :–

**૧૦.૧** ભોગબનનાર પોતે વિકટીમ છે અને તેથી તેમનો પુરાવો ભારતીય સાક્ષ્ય અધિનીયમની કલમ–૫૫ માં પડતો પુરાવો છે.

**૧૦.૨** ભોગબનનારના માતાપિતા કે જેઓને બનાવની હકીકત ભોગબનનાર દ્વારા ખબર પડેલી તેટલા પુરતો તે બંનેનો પુરાવો ભારતીય સાક્ષ્ય અધિનીયમની કલમ–૪ એટલે કે, રેસ ગેસ્ટેના પુરાવામાં પડતો પુરાવો છે.

**૧૦.3** ભોગબનનાર અને આરોપીને તબીબી રીતે તપાસવા બાબતે તબીબનો પુરાવો ભારતીય સાક્ષ્ય અધિનીયમની કલમ–૩૯(૧) મુજબ નિષ્ણાંતનો પુરાવો છે.

**૧૦.૪** તપાસ કરનાર અમલદાર કે જેઓએ પંચનામા વખતે જે હકીકત ગ્રાહય કરેલ છે તેટલા પુરતો તેમનો પુરાવો ભારતીય સાક્ષ્ય અધિનીયમની કલમ–૫૫ માં પડતો પુરાવો છે.

**૧૧. <u>ભોગબનનારની ઉંમર અંગે</u> :–**

**૧૧.૧** આ કામમાં આરોપી સામે પોકસો એકટની કલમ–૪, ૬, ૧૨, ૧૮ મુજબનો આક્ષેપ છે જેથી ભોગબનનાર પોકસો એકટની કલમ–૨(ડી) મુજબ બાળક હતા તે હકીકત સાબિત થવી આવશ્યક છે.

**૧૧.૨** ભોગબનનારની ઉંમર પુરવાર કરવા માટે આ કેસમાં રેકર્ડ પર જે પુરાવો આવ્યો તેમાં ફરિયાદી એટલે કે ભોગબનનારના માતાએ તેમની ફરીયાદમાં ભોગબનનાર દિકરીની ઉમર ૦૯ વર્ષની હોવાનું અને તેમજ સાહેદ ભીમભાઈ કાળુભાઈ કવાડે પોતાના પુરાવામાં તેમની સગીરવયની દીકરી ભોગ બનનારની ઉમર ૦૮ વર્ષની હોવાનું જણાવેલ છે.

**૧૧.૩** ભોગબનનારની ઉંમર પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે આંક–૧૯ થી સાહેદ પારસભાઈ ધીરુભાઈ બાંભણીયા કે જેઓ તલાટી કમ મંત્રી તથા જન્મ મરણ રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવે છે તેઓને તપાસેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ છેલ્લા આશરે બે વર્ષથી અલગ અલગ જગ્યાએ તલાટી કમ મંત્રી તથા જન્મમરણ રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવે છે. હાલ છેલ્લા આઠ મહીનાથી તેઓ પીંછવી પીંછવા જુથ ગ્રામપંચાયતમા તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાછે છે. આ કામે ભોગ બનનારના જન્મના પ્રમાણપત્ર સાથે પીંછવી પીંછવા જુથ ગ્રામ પંચાયતના જે તે વખતના તલાટી કમ મંત્રી શ્રી રાજેશભાઈ સોલંકીએ લખેલ પત્ર તેમને બતાવતા તેઓની સાથે તેમણે કામ કરેલ હોય અને તેમના હસ્તાક્ષરથી પરીચીત હોય ઓળખી બતાવે છે, જે આંક–૨૦ થી રજુ છે. તેમને ભોગ બનનાર એક બેનનુ જન્મ પ્રમાણપત્ર બતાવતા જેમાની વીગતો તેમના અસલ રજીસ્ટર મુજબની છે, જે મુજબ તેણીનો જન્મ તા.૮/૩/૨૦૧૬ ના રોજ પીંછવી ગામે થયેલ છે અને તેની જન્મ નોંધણી તા.૧૧/૦૩/૨૦૧૬ ના રોજ કરવામા આવેલ છે, જે પ્રમાણપત્રમાં જે તે વખતના તલાટી કમ મંત્રી રાજેશભાઈ સોલંકીની

સહી તેમજ હોદાનો સીકકો તથા ગ્રામપંચાયતનુ રાઉન્ડ સીલ ઓળખી બતાવે છે, જે આંક–૨૧ થી રજુ છે. તેમને બીજી ભોગ બનનારના જન્મનુ પ્રમાણપત્ર બતાવતા જેમાની વીગતો પણ તેમના અસલ જન્મ રજીસ્ટર મુજબની છે, જે મુજબ ભોગ બનનારનો જન્મ તા.૨૪/૨/૨૦૧૫ ના રોજ પીંછવી ગામે થયેલ છે અને તેના જન્મની નોંધ તા.૨૭/૨/૨૦૧૫ ના રોજ કરવામા આવેલ છે, જે પ્રમાણપત્રમાં જે તે વખતના તલાટી કમ મંત્રી રાજેશભાઇ સોલંકીની સહી તેમજ હોદાનો સીકકો તથા ગ્રામપંચાયતનુ રાઉન્ડ સીલ ઓળખી બતાવે છે, જે આંક–૨૨ થી રજુ છે.

**૧૧.૪** સદર સાહેદે તેઓની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સને ૨૦૧૫–૧૬ ના વર્ષમાં તે પીછવી પીછવા ગ્રામપંચાયતમાં તલાટી કમ મંત્રી કે જન્મ મરણ રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવતા ન હતા. તેમણે જે દાખલા રજુ કર્યા તેની જન્મ રજીસ્ટરમાં નોંધ થયેલ છે તેની તેમને અંગત જાણકારી નથી. તેમને બે જન્મના દાખલા બતાવવામાં આવ્યા તેમાં તેમની સહી નથી, તેમના પુરોગામી તલાટી કમ મંત્રીની સહી છે.

**૧૧.૫** ભોગબનનારની ઉંમર પુરવાર કરવા અંગે ઘણા ચુકાદાઓ આવેલા છે. તે પૈકી ભોગબનનારની ઉંમર કેવી રીતે પુરવાર કરવી તે અંગેનું માર્ગદર્શન નામદાર સુપ્રિમ કોર્ટના કેટલાક ચુકાદામાં કરવામાં આવેલ છે, જે નિચે મુજબ છે.

**૧૧.૬** આ તબકકે સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ વિ. અનુપ સીંઘ – (૨૦૧૫) ૭ એસ.સી.સી. ૭૭૩ નો ચુકાદો ધ્યાને લેવો જરૂરી જણાય છે. સદર ચુકાદામાં નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા એવો સિધ્ધાંત પ્રતિપાદિત કરવામાં આવેલ છે કે, બળાત્કારના કેસમાં ભોગબનનારની ઉંમર નિર્ણિત કરતી વખતે જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રૂલ્સ– ૨૦૦૭ ના નિયમ–૧૨(૩) ની જોગવાઇ ધ્યાને લેવાની રહે છે. વધુમાં નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા મહાદેવ વિ. સ્ટેટ

ઓફ મહારાષ્ટ્ર – ૨૦૧૩ (૧૪) એસ.સી.સી. ૬૩૭ ના ચુકાદામાં તથા જર્નેલસીંઘ વિ. સ્ટેટ ઓફ હરીયાણા–૨૦૧૩ (૭) એસ.સી.સી. ૨૬૩ ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રતિપાદિત કરવામાં આવેલ છે કે, બળાત્કારના કેસમાં ભોગબનનારની ઉંમર નકકી કરવા માટે જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રૂલ્સ– ૨૦૦૭ ના નિયમ–૧૨(૩) લાગુ પડે અને ફકત આ રૂલમાં જણાવેલ દસ્તાવેજી પુરાવાની ગેરહાજરીમાં મેડીકલ ઓપીનીયન ધ્યાને લઇ શકાય. જેથી ભોગબનનારની ઉંમર નકકી કરવા માટે જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રૂલ્સ–૨૦૦૭ ના નિયમ–૧૨(૩) ની જોગવાઇ ધ્યાને લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે.

12(3) In every case concerning a child or juvenile in conflict with law, the age determination inquiry shall be conducted by the court or the Board or, as the case may be, the committee by seeking evidence by obtaining--

(a)(i) the matriculation or equivalent certificates, if available; and in the absence whereof;

(ii) the date of birth certificate from the school (other than a play school) first attended; and in the absence whereof;

(iii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat

(b) and only in the absence of either (i),(ii) or (iii) of clause (a) above, the medical opinion will be sought from a duly constituted Medical Board, which will declare the age of the juvenile or child. In case exact assessment of the age cannot be done, the Court or the Board or, as the case may be, the Committee, for the reasons to be recorded by them may, if considered necessary, give benefit to the child or juvenile by considering his/her age on lower side within the margin of one year. And, while passing orders in such

case shall, after taking into consideration such evidence as may be available, or the medical opinion, as the case may be, record a finding in respect of his age and either of the evidence specified in any or the clauses (a)(i),(ii),(iii) or in the absence whereof, clause (b) shall be the conclusive proof of the age as regards such child or the juvenile in conflict with law."

ઉપરોકત નામદાર સુપ્રિમ કોર્ટના વિવિધ જજમેન્ટમાં ભોગબનનારની ઉંમર નકકી કરવા માટે જે હકીકત જણાવવામાં આવી છે તે પ્રમાણે નામદાર સુપ્રિમ કોર્ટે ભોગબનનારની ઉંમર નકકી કરવા માટે જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રૂલ્સ–૨૦૦૭ ના નિયમ–૧૨(૩) ની જોગવાઇ ધ્યાને લેવા જણાવેલ છે અને તે મુજબ પ્રથમ (૧) મેટ્રીકયુલેશન અથવા તો તેના સમકક્ષ પ્રમાણપત્ર અથવા તેની ગેરહાજરીમાં (૨) પ્લે ગ્રુપ સિવાયની શાળા કે જે પ્રથમ શાળા હોય તેનું પ્રમાણપત્ર અથવા તેની ગેરહાજરીમાં (૩) પંચાયત કે નગરપાલીકાએ આપેલ જન્મનું પ્રમાણપત્ર હોવુ જરૂરી છે અને ઉપરોકત ત્રણેય આધાર પુરાવાની ગેરહાજરી હોય તો મેડીકલ પુરાવો ધ્યાને લેવાશે.

**૧૧.૭** આમ, ઉપરોક્ત કાયદાની જોગવાઈ પ્રમાણે જોવામાં આવે તો નિયમ–૧૨(૩)(૩) મુજબ પંચાયત કે નગર પાલીકાએ આપેલ જન્મનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહે છે અને તે ઉંમર નક્કી કરવા માટે માન્ય પુરાવો છે. અહીયાં ભોગબનનારની ઉંમર પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે આંક–૧૯ થી તલાટી કમ મંત્રી તથા જન્મ મરણ રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવતા પારસભાઈ ધીરુભાઈ બાંભણીયાને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં એક ભોગ બનનારના જન્મની નોંધણી, તા.૧૧/૦૩/૨૦૧૬ ના રોજ પીછવી ગામે તથા બીજી ભોગ બનનારના જન્મની નોંધણી, તા.૨૭/૦૨/૨૦૧૫ ના રોજ પીછવી ગામે થયેલ હોવાનું જણાવી જન્મના પ્રમાણપત્રની વિગતો તેમના અસલ રજીસ્ટરની વિગતો

મુજબની જ હોવાનો પુરાવો આપેલ છે તેમજ આંક–૨૧ થી પ્રથમ ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર રજુ કરેલ છે, જે મુજબ પ્રથમ ભોગ બનનારની જન્મ તારીખ ૦૮/૦૩/૨૦૧૬ તથા આંક–૨૨ થી બીજી ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર રજુ કરેલ છે, જે મુજબ બીજી ભોગ બનનારની જન્મ તારીખ ૨૪/૦૨/૨૦૧૫ ની હોવાનું જણાઈ આવે છે. આમ, બંને ભોગ બનનારના જન્મના પ્રમાણપત્રોમાં ભોગ બનનારની જન્મ તારીખ જોતા તથા હાલનો બનાવ બન્યાનો સમય જોતા બંને ભોગ બનનાર બનાવ સમયે બાળક હોવાનું એટલે કે ૧૮ વર્ષથી નીચેની ઉમરના હતા તેવુ ફરીયાદપક્ષે નિ:શંકપણે સાબીત કરેલ છે અને તેથી મુદ્દા નં. (૧) પુરવાર થાય છે.

## ૧૨. <u>બી.એન.એસ. ની કલમ–૭૫(૧) અને ૩૫૧(૧) અંગે</u> :–

**૧૨.૧** આ કામમાં આરોપી સામે બી.એન.એસ. ની કલમ–૭૫(૧) અને ૩૫૧(૧) નો પણ આક્ષેપ છે તે સંજોગોમાં બી.એન.એસ. ની કલમ–૭૫(૧) અને ૩૫૧(૧) રજુ કરવી જરૂરી છે જે નીચે મુજબ છે.

**"75. Sexual harassment. -**

(A) A man committing any of the following acts:-

(i) physical contact and advances involving unwelcome and explicit sexual overtures; or

(ii) a demand or request for sexual favours; or

(iii) showing pornography against the will of a woman; or

(iv) making sexually coloured remarks,

shall be guilty of the offence of sexual harassment."

**"351. Criminal intimidation. -**

**(1)** Whoever threatens another by any means, with any injury to his person, reputation or property or to the person or reputation of any one in whom that person is interested, with intent to cause alarm to that person, or to cause that person to do any act which he is not legally bound to do, or to omit to do any act which that person is legally entitled to do, as the means of avoiding the execution of such threat, commits criminal intimidation."

**૧૩. પોક્સો એકટની કલમ-૪, ૬, ૧૨, ૧૮ અંગે :-**

**૧૩.૧** આ કામમાં પોક્સો એકટની કલમ-૪, ૬, ૧૨ તથા ૧૮ રજુ કરવી જરૂરી છે, જે નીચે મુજબ છે.

**Section:-4. Punishment for penetrative sexual assault**.—Whoever commits penetrative sexual assault shall be punished with imprisonment of either description for a term which shall not be less than seven years but which may extend to imprisonment for life, and shall also be liable to fine.

**Section:-6. Punishment for aggravated penetrative sexual assault**.—Whoever, commits aggravated penetrative sexual assault, shall be punished with rigorous imprisonment for a term which shall not be less than ten years but which may extend to imprisonment for life and shall also be liable to fine.

**Section:-12. Punishment for sexual harassment.** —Whoever, commits sexual harassment upon a child shall be punished with imprisonment of either description for a term which may extend to three years and shall also be liable to fine.

**Section:-18. Punishment for attempt to commit an offence.**—Whoever attempts to commit any offence punishable under this Act or to cause such an offence to be committed, and in such attempt, does any act towards the commission of the offence, shall be punished with imprisonment of any description

provided for the offence, for a term which may extend to one half of the imprisonment for life or, as the case may be, one-half of the longest term of imprisonment provided for that offence or with fine or with both.

આમ, ફરિયાદપક્ષે ઉપર મુજબની કલમના તત્વો આરોપી સામે વ્યાજબી શંકાથી પર સાબિત કરવાના છે.

**૧૪. આ કામે ફરિયાદપક્ષે નીચે મુજબનો પુરાવો રજુ થયેલો છે.**

**૧૪.૧** આ કામે ફરિયાદપક્ષે આંક–૧૨ થી પ્રથમ ભોગ બનનારને તપાસવામાં આવેલા છે. ભોગ બનનારની ઉમર ૦૯ વર્ષની હોય તેઓ જુબાની આપવા સક્ષમ છે કે નહી તેની ખાતરી કરવા વિ.એ.પી.પી.શ્રી ધ્વારા પ્રાથમીક સવાલો પુછતા ભોગ બનનાર તેનો સમજણપુર્વકનો જવાબ આપતા હોય ભોગ બનનાર પુરાવો આપવા સક્ષમ જણાતા હોય સદરહુ ભોગ બનનારનો પુરાવો નિવેદન સ્વરૂપમાં લેવામાં આવેલ છે, જે મુજબ ભોગ બનનારને વિ. એ.પી.પી.શ્રી ધ્વારા પુછવામાં આવેલ સવાલોના સ્પષ્ટ જવાબો આપે છે, પરંતુ તેણીની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેણી બનાવવાળી જગ્યાએ ગયેલ નહિં હોવાનું, તેણીની સાથે કાંઈ બનાવ બનેલ નહિં હોવાનું તેમજ આરોપીને ઓળખતા નહિં હોવાનું જણાવે છે. વધુમાં તેણી પોતાના બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબના નિવેદનમાં પોતાની સહી ઓળખી બતાવતા હોઈ, તેને આંક–૧૩ થી રજૂ કરવામાં આવેલ છે, પરંતુ તેણી સદરહુ નિવેદનને સમર્થનકારી હકિકતો પોતાની જુબાનીમાં જણાવતા નથી. તેણીને ફરી ગયેલા જાહેર કર્યા બાદ પણ તેણી ફરીયાદપક્ષને સમર્થન આપતા નથી. બચાવપક્ષની ઉલટ તપાસમાં તેણી બનાવના દિવસે અને સમયે સ્કુલે ગયેલ હોવાનું કબુલે છે.

**૧૫.** ફરિયાદપક્ષે આંક–૧૪ થી ફરિયાદી નયનાબેન મેરુભાઈ ભાલીયાને એટલે કે ભોગબનનારના માતાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓને સંતાનમાં બે દીકરા અને

બે દીકરી છે. તેમના પતિ મચ્છીમારીનુ કામ કરે છે. તેમની ભોગબનનાર દીકરી તેના પહેલા નંબરનુ સંતાન છે, જે હાલ ધોરણ પાંચમાં અભ્યાસ કરે છે. આ કામનો બનાવ એકાદ વર્ષ પહેલા બનેલ છે. બનાવની તારીખ, વાર, તીથી, માસ તેમને યાદ નથી. તેઓ અભણ છે. આ કામના આરોપી કાળુભાઇ નાનજીભાઇ તેમના ગામના છે તેથી તેમને ઓળખે છે. તે તેમના દુરના કુટુંબી થાય છે. કાળુભાઇ સાથે તેમના પતિને બોલાચાલી થયેલી, જેમાં તેઓને સામસામી ફરીયાદો થયેલી અને બનાવના દીવસે આ કાળુભાઇ તથા તેમના વચ્ચે બોલાચાલી થયેલી, જેથી બોલાચાલી બાબતે તેમણે પોલીસમાં ફરીયાદ આપેલી. બોલાચાલીના બનાવ સીવાય ભોગબનનાર દીકરી સાથે કોઇ ખરાબ બનાવ બનેલ હોય તેવુ કાઇ બનેલ નથી. તેઓ પોતાની જુબાનીમાં આંક–૧૫ થી ફરીયાદ રજૂ કરે છે. સદરહુ ફરીયાદી પોતાની ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોય, વિ. એ.પી.પી.શ્રીએ તેઓને વિમુખ જાહેર કર્યા બાદ તેઓની ઉલટતપાસ કરતા એ હકીકત કબુલ રાખેલ છે કે, તેમની દીકરીનુ જજ સાહેબ પાસે નીવેદન લેવડાવેલ, જયારે તેઓએ ફરીયાદપક્ષના કેસની અન્ય હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી.

**૧૫.૧** સદર ફરીયાદીની બચાવપક્ષે ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓને આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સીવાય બીજુ કાંઇ બનેલ નથી. તેમની ભોગબનનાર દીકરી સાથે કોઇ પણ પ્રકારનો બનાવ બનેલ નથી. શનિવારનો દીવસ હોય તેમની દીકરી સવારે સાત વાગ્યે ભણવા ગયેલી અને બાર વાગ્યે ઘરે આવેલી ત્યાં સુધી સ્કુલે હતી ત્યાંથી કયાંય ગયેલ ન હતી.

**૧૬.** આ કામે ફરિયાદપક્ષે આંક–૧૬ થી બીજી ભોગ બનનારને તપાસવામાં આવેલા છે. ભોગ બનનારની ઉમર ૦૮ વર્ષની હોય તેઓ જુબાની આપવા સક્ષમ છે કે નહી તેની ખાતરી કરવા વિ.એ.પી.પી.શ્રી ધ્વારા પ્રાથમીક સવાલો પુછતા ભોગ બનનાર

તેનો સમજણપુર્વકનો જવાબ આપતા હોય ભોગ બનનાર પુરાવો આપવા સક્ષમ જણાતા હોય સદરહુ ભોગ બનનારનો પુરાવો નિવેદન સ્વરૂપમાં લેવામાં આવેલ છે, જે મુજબ ભોગ બનનારને વિ. એ.પી.પી.શ્રી ધ્વારા પુછવામાં આવેલ સવાલોનો તેણી સ્પષ્ટપણે જવાબ આપે છે, પરંતુ આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેવી કોઈ જ હકિકત તેણી પોતાની જુબાનીમાં જણાવતા નથી. તેણી આરોપીને ઓળખતા પણ નહિં હોવાનું જણાવે છે. તેણીની સાથે કોઈ બનાવ બનેલ નહિં હોવાનું પણ તેણી પોતાની સરતપાસમાં જણાવે છે. સદર સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવ્યા બાદ તેણીને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો વિ. એપીપીશ્રી દ્વારા પુછવા છતાં તેણી ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપતા નથી. સદર કામે ભોગ બનનારની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવતા બનાવના દિવસે તેણી સ્કુલે ગયેલ હોવાનું તેણીએ કબુલેલ છે.

**૧૭.** ફરિયાદપક્ષે આંક-૧૮ થી સાહેદ ભીમાભાઈ કાળુભાઈ કવાડને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેમને સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે. જેમા તેમની ભોગ બનનાર દીકરી સાત-આઠ વર્ષની ઉમરની છે. તેમની દીકરીની જન્મ તારીખ તેમને યાદ નથી. જે હાલમા પાંચમુ ધોરણ ભણે છે. તે ધોરણ - ૪ સુધી ભણેલ છે. તેમની ભોગ બનનાર દીકરી પર કોઈ બનાવ બનેલ નથી કે તેમણે તે બાબતે આજદીન સુધી જાણેલ નથી. પોલીસવાળા તેમના ઘરે આજની તારીખ માટે આવેલ તે અગાઉ કયારેય આવેલ નહી. તેમની ભોગ બનનાર દીકરી ઉપર કયારેય કોઈ બનાવ બનેલ હોય અને તે બાબતે તેમણે પોલીસને જણાવેલ હોય તેવુ બનેલ નથી. આરોપી કાળુભાઈ તેમના ગામના હોય તેઓને કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે. સદરહુ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેઓને વિમુખ જાહેર કર્યા બાદ તેઓની

ઉલટતપાસ કરવા છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી. સદર સાહેદની બચાવપક્ષે આરોપી તરફે ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવની તેમને કોઇ જાત માહીતી નથી કે પાછળથી તેમને આ બાબતે કોઇ માહીતી આજદીન સુધી જાણવા મળેલ નથી.

૧૮. આ કામે ફરીયાદપક્ષે આંક-૨૫ થી સાહેદ ધ્રુપલબેન નારણભાઇ બારડને તપાસેલા છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, તા. ૮/૧૦/૨૦૨૪ ના રોજ તેઓ ગીરગઢડા પો.સ્ટે.મા પો.કો. તરીકે તેમની ફરજ પર હાજર હતા તે દીવસે આ કામના સગીર ભોગ બનનાર નાઓના પોલીસ ઇન્સ્પેકટર શ્રી એમ.પી.ચૌહાણ સાહેબે તેમના રુબરુ તથા સામાજીક મહીલા કાર્યકર ગીતાબેન આંબલીયા રુબરુ નીવેદન નોંધેલા. જેમા તેઓએ તેમના રુબરુ પી.આઇ.શ્રી ચૌહાણ સાહેબને જણાવેલ કે આ કામના આરોપી કાળુભાઇ જેઠવાએ ખોડીયાર મંદીર પીછવી ખાતે તેઓના મોબાઇલ માંથી ખરાબ વીડીયો બતાવેલા અને બન્ને ભોગ બનનારના કપડા ઉતારવાનું કહેલુ અને પોતાના કપડા ઉતારી તેમનુ ગુપ્તાંગ બતાવેલુ. જે મતલબનું વિગતવાર નીવેદન તેમના રુબરુ બન્ને ભોગ બનનારે પી.આઇ.શ્રી ચૌહાણ સાહેબ રુબરુ આપેલુ અને તે નીવેદનમાં પી.આઇ. સાહેબે તેમની તથા ગીતાબેનની સહીઓ લીધેલી. સદર સાહેદની બચાવપક્ષે આરોપી તરફે ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પી.આઇ.શ્રી એમ.પી.ચૌહાણ તેમના ઉપલા અધીકારી છે. તેઓએ ભોગ બનનારને કોઇ પ્રશ્નો પુછેલ નથી. જયારે અન્ય પ્રશ્નોના નકારમાં જવાબ આપેલ છે.

૧૯. આ કામે ફરીયાદપક્ષે આંક-૩૦ થી સાહેદ મેરુભાઇ જોધાભાઇ ભાલીયાને તપાસેલા છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, આ કામનો બનાવ એકાદ વર્ષ પહેલા બનેલો. આ કામના ભોગ બનનાર તેમની દીકરી થાય છે જે બનાવના અરસામા ધોરણ-૫ મા અભ્યાસ કરતી હતી. તેઓને તેમના ગામના કાળુભાઇ જેઠવા સાથે

માથાકુટ થયેલી. આ માથાકુટ તેમના વડીલોને અગાઉ ઝઘડો થયેલો તેના લગત થયેલી. આ સીવાય બીજુ કાઇ બનેલ નહી. તેમની ભોગ બનનાર દીકરી સાથે કોઇ ખરાબ બનાવ બનેલ હોય અને તે અંગેની વાત તેમને તેમના પત્નીએ કે ભોગ બનનાર દીકરીએ કરેલ હોય તેવુ બનેલ નથી. આરોપી તેમના ગામના હોય જેથી તેને ઓળખે છે. પોલીસે તેમનો જવાબ લીધેલો. સદરહુ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેઓને વિમુખ જાહેર કર્યા બાદ તેઓની ઉલટતપાસ કરવા છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી. સદર સાહેદની બચાવપક્ષે આરોપી તરફે ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેમનું માત્ર નામ સરનામુ પુછેલુ તે સીવાય બીજુ તેમને કાઇ પુછેલ નહી કે તેમણે કાઇ લખાવેલ નથી.

૨૦. ફરિયાદપક્ષે આંક-૩૧ થી સાહેદ જસુભાઇ જોધાભાઇ ભાલીયાને તપાસેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, મેરુભાઇ તેમના નાના ભાઈ થાય છે. આ કામના ભોગ બનનાર તેમના ભાઇ મેરુભાઇની દીકરી થાય છે. જે બનાવના અરસામા ધોરણ-૪ મા અભ્યાસ કરતી હતી. આ બનાવને આશરે એક-બે વર્ષ જેટલો સમય થયેલ છે. પોલીસ તેમના ગામમા આવેલ હતી અને પુછેલ કે શુ બનાવ બનેલો? તેમની ભોગ બનનાર ભત્રીજીનો શુ બનાવ બનેલો તેની તેમને ખબર નથી કે પાછળથી પણ જાણેલ નથી. આરોપી કાળુભાઇ નાનજીભાઇ જેઠવા તેમના કુટુંબી મામાનો દીકરો થાય છે. બનાવ બાબતે તેમના ભાઇની પત્ની નયનાએ વાત કરેલી કે પોલીસ કેસ બાબતે જાણવા આવેલી. કોનો કેસ કરેલો તેની તેમને ખબર નથી. આરોપી કાળુભાઇ સાથે તેઓને બીજો કોઇ સંબંધ નથી. તેમના ભાઇની પત્નીએ ભોગ બનનાર સાથે કોઇ ખરાબ બનેલ તેવી કોઇ વાત કરેલ હોય તેવુ બનેલ નથી. સદરહુ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેઓને

વિમુખ જાહેર કર્યા બાદ તેઓની ઉલટતપાસ કરવા છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી. સદર સાહેદની બચાવપક્ષે આરોપી તરફે ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ બાબતે તે કાઇ જાણતા નથી. પોલીસે તેમનું નામ સરનામુ પુછેલુ. તે સીવાય કાઇ પુછેલ ન હતુ. પોલીસને તેમણે કાઇ લખાવેલ નથી.

**૨૧.** આ કામે ફરિયાદપક્ષે આંક-૩૨ થી સાહેદ ગૌતમભાઇ જસુભાઇ ભાલીયાને તપાસેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, આ કામના ભોગ બનનાર તેમના કાકાની દીકરી થાય છે. આ કામના બનાવને એકાદ વર્ષ જેટલો સમય થયેલ છે. તે દીવસે તે મજુરીકામે ગયેલ હતા. બનાવના દીવસે રાતે ૯-૧૦ વાગ્યે તેમના ઘરે આવેલ તે વખતે તેમને બનાવ બાબતની ખબર પડેલી. બનાવ બાબતે તેમના પિતાએ તેમને વાત કરેલી કે ભોગ બનનાર દીકરીની કાળુભાઇ જેઠવાએ છેડતી કરેલ હતી અને કાળુભાઇએ ભોગ બનનાર દીકરીનો હાથ પકડેલો. તે સીવાય તેમણે બીજુ કાઇ જાણેલ નહી. પોલીસે તેમની કોઇ પુછપરછ કરેલ નથી. સાહેદ આરોપી કાળુભાઇને કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે. બનાવ વખતે ભોગ બનનાર સાથે બીજુ કોઇ હતુ કે કેમ તેની તેમને ખબર નથી. સદરહુ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય એ.પી.પી.શ્રીએ તેઓને વિમુખ જાહેર કર્યા બાદ તેઓની ઉલટતપાસ કરવા છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી. સદર સાહેદની બચાવપક્ષે આરોપી તરફે ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ બાબતે તેઓ કાઇ જાણતા નથી. પોલીસે તેમનું નામ સરનામુ પુછેલુ. તે સીવાય કાઇ પુછેલ ન હતુ. પોલીસને તેમણે કાઇ લખાવેલ નથી.

**૨૨.** આ કામે ફરિયાદપક્ષે આંક-૩૩ થી સાહેદ હીરુબેન કાળુભાઇ કવાડને તપાસેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેમને સંતાનમા બે દીકરા છે. આ કામના ભોગ બનનાર તેમના

દીકરાની દીકરી છે. જે ધોરણ–પ મા અભ્યાસ કરે છે. આજથી ચાર–પાંચ મહીના પહેલા પોલીસ ગામમા આવેલી. ભોગ બનનાર દીકરીઓની પોલીસે જુબાની લીધેલી. પોલીસ વાળા શા માટે આવેલા તેની તેમને ખબર નથી. આરોપી તેમના કુટુંબી થાય છે. મેરુભાઇ ભાલીયા તેમના ઘરની બાજુમા રહે છે. તેમની ભોગ બનનાર દીકરાની દીકરીએ તેમને કોઇ વાત કરેલ નથી. ભોગ બનનાર દીકરાની દીકરી સાથે કોઇએ કાઇ ખરાબ કામ કરેલ હોય તેવુ બનેલ નથી. પોલીસે તેમની કોઇ પુછપરછ કરેલ નથી. સદરહુ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેઓને વિમુખ જાહેર કર્યા બાદ તેઓની ઉલટતપાસ કરવા છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી. સદર સાહેદની બચાવપક્ષે આરોપી તરફે ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ બાબતે તે કાઇ જાણતા નથી. પોલીસે તેમનું નામ સરનામુ પુછેલુ. તે સીવાય કાઇ પુછેલ ન હતુ. પોલીસને તેમણે કાઇ લખાવેલ નથી.

**૨૩.** આ કામે ફરીયાદપક્ષે આંક–૩૪ થી સાહેદ ભુપતભાઇ ભગવાનભાઇ જાદવને તપાસેલા છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ છેલ્લા ત્રણ વર્ષથી પીછવી પ્રાથમીક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવે છે. ગીરગઢડા પોલીસ સ્ટેશન ધ્વારા આ કામે ભોગબનનારની સપ્ટેમ્બર–૨૦૨૪ માં ધોરણ–૦૪ માં હાજરી બાબતે ખરાઇ કરી માહીતી આપવા જણાવેલ હતુ જેથી તેમણે તેમની શાળાના હાજરી પત્રકની ખરાઇ કરી આ કામના ભોગબનનાર તેઓની શાળામાં ધોરણ–૦૪ માં અભ્યાસ કરતા હોય તેની હાજરી પત્રકની નકલ પોલીસને રજુ કરેલી. તેમને નીશાની ૩/૩૭ બતાવતા તે તેમની શાળાના ધોરણ–૦૪ ના સપ્ટેમ્બર માસની હાજરી પત્રકની નકલ છે. જેમાં તેમની સહી ઓળખી બતાવે છે. જે આંક–૩૫ થી રજુ છે. તેમને નીશાની ૩/૩૬ નો પત્ર બતાવતા તે તેમણે પોલીસને લખેલો તેની ઝેરોક્ષ નકલ છે તે તેમના હસ્તાક્ષરમાં

છે તથા તેમાં તેમની સહી ઓળખી બતાવે છે. જે આંક–૩૬ થી રજુ છે.

**૨૩.૧** સદર સાહેદની બચાવપક્ષે આરોપી તરફે ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આંક–૩૫ વાળુ હાજરી પત્રક જોઇને જણાવે છે કે વિદ્યાર્થી કન્યાના ક્રમ ૧ થી ૨૧ છે જે તમામ કન્યાઓ તા.૨૮/૦૯/૨૦૨૪ ના રોજ શાળામાં હાજર હતા જેની હાજરી હાજરીપત્રકમાં પુરાયેલ છે.

**૨૪.** આ કામે ફરીયાદપક્ષે આંક–૩૭ થી સાહેદ શૈલેષભાઇ દુદાભાઇ ભાલીયાને તપાસેલા છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી તેમના કાકી થાય છે. આ કામના ભોગ બનનાર તેમના કાકાની દીકરી થાય છે. આ કામના ભોગ બનનાર છઠુ કે આઠમુ ધોરણ ભણે છે. ખાસ ખ્યાલ નથી કારણ કે તેઓ ૩–૪ વર્ષથી ઓખા મુકામે મચ્છીમારીનુ કામ કરે છે. આ કામમા શુ બનાવ બનેલ તેની તેમને કાઇ ખબર નથી. આ કામના ભોગ બનનાર સાથે કોઇ બનાવ બનેલ હોય અને તે અંગેની તેમને કોઇએ વાત કરેલ હોય અને તેમણે પોલીસને જણાવેલ હોય તેવુ બનેલ નથી. તેમના કાકી ફરીયાદીએ કોઇ બનાવ બાબતે પોલીસમા ફરીયાદ કરેલ હોય અને તે અંગે તેમને કાઇ વાત કરેલ હોય તેવુ કાઇ બનેલ નથી. આરોપી કાળુભાઇ નાનજીભાઇ જેઠવા તેમના ગામના છે તેથી તેમને ઓળખે છે. સદરહુ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેઓને વિમુખ જાહેર કર્યા બાદ તેઓની ઉલટતપાસ કરવા છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. સદર સાહેદની બચાવપક્ષે આરોપી તરફે કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**૨૫.** આ કામે ફરીયાદપક્ષે આંક–૩૮ થી સાહેદ સુંદરબેન જોધાભાઇ ભાલીયાને તપાસેલા છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે

કે, આ કામના ભોગ બનનાર તેમના દીકરાની દીકરી થાય છે. જે હાલ ૯ વર્ષની ઉમરની છે અને તે તેમના ગામમા સરકારી નીશાળમા ધોરણ–૬ મા અભ્યાસ કરે છે. આ કામના ભોગ બનનારનો શુ બનાવ બનેલ તેની તેમને ખબર નથી. તેમને કોઈ બાબતે કોઈએ વાત કરેલ હોય તેવુ કાઈ બનેલ નથી. તેમણે પોલીસને બનાવ બાબતે કોઈ હકીકત જણાવેલ નથી. આરોપી કાળુભાઈ તેમના ગામના છે તેથી તેમને ઓળખે છે. તેમના દીકરાની ભોગ બનનાર દીકરી સાથે કોઈએ ખરાબ કામ કરેલ હોય તેવુ કાઈ બનેલ નથી કે તે જાણતા નથી. સદરહુ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય એ.પી.પી.શ્રીએ તેઓને વિમુખ જાહેર કર્યા બાદ તેઓની ઉલટતપાસ કરવા છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. સદર સાહેદની બચાવપક્ષે આરોપી તરફે કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**૨૬.** આ કામે ફરીયાદપક્ષે આંક–૩૯ થી સાહેદ ભાવનાબેન ઉર્ફે ભાણીબેન રેવતભાઈ ભાલીયાને તપાસેલા છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી તેમના દેરાણી થાય છે. આ કામના ભોગ બનનાર તેમના દેરાણીની દીકરી થાય છે જે હાલ પાંચમા કે છઠા ધોરણમા ભણે છે. જે હાલ તેમને યાદ નથી. તે અભણ છે. આ કામે ભોગ બનનારનો કોઈ બનાવ બનેલ કે કેમ તેની તેમને ખબર નથી કે તેમણે જાણેલ નથી. આરોપી તેમના ગામના છે જેથી ઓળખે છે. તેઓ ગામમા રહેતા નથી પરંતુ વાડીએ રહે છે. તેમની દેરાણીની ભોગ બનનાર દીકરીનો કોઈ ખરાબ બનાવ બનેલ હોય તે બાબતે તે કાઈ જાણતા નથી કે પોલીસને જણાવેલ હોય તેવુ પણ કાઈ બનેલ નથી. સદરહુ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેઓને વિમુખ જાહેર કર્યા બાદ તેઓની ઉલટતપાસ કરવા છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

સદર સાહેદની બચાવપક્ષે આરોપી તરફે કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**૨૭.** આ કામે ફરીયાદપક્ષે આંક–૪૧ થી સાહેદ રેવતભાઇ જોધાભાઇ ભાલીયાને તપાસેલા છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, આ કામના ભોગ બનનાર તેમના ભાઇની દીકરી થાય છે. જે હાલ પાંચમા ધોરણમા અભ્યાસ કરે છે. આ કામના બનાવને બે વર્ષ જેટલો સમય થયેલ છે. બનાવના અરસામા તે મહેતા હોસ્પીટલ, ઉના ખાતે દાખલ હતા. પોલીસ વાળા તેમનું નીવેદન લેવા આવેલ અને તેમને પુછેલ કે તમે કયા હતા? જેથી તેમણે તેઓને દવાખાને છે તેમ જણાવેલ. તેમની ભત્રીજી ભોગ બનનાર ઉપર કોઇ ખરાબ બનાવ બનેલ કે કેમ તેની તેમને ખબર નથી કે તેમણે જાણેલ નથી કે ભોગ બનનારના બનાવ અંગે તેમને કોઇએ વાત કરેલ હોય તેવુ પણ બનેલ નથી. આરોપી કાળુભાઇ જેઠવાને ઓળખે છે. તેઓ તેમના ગામના છે. આ સીવાય બીજુ કાઇ જાણતા નથી. સદરહુ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેઓને વિમુખ જાહેર કર્યા બાદ તેઓની ઉલટતપાસ કરવા છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. સદર સાહેદની બચાવપક્ષે આરોપી તરફે ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે માત્ર તેમનું નામ, સરનામુ પુછેલુ. તે સીવાય કાઇ પુછેલ નહી કે તેમણે પોલીસને કાઇ લખાવેલ નથી. ભોગ બનનારના બનાવ વિશે તેમને કોઇ માહીતી નથી.

**૨૮.** આ કામે ફરીયાદપક્ષે આંક–૪૨ થી સાહેદ જયદીપભાઇ જશુભાઇ ભાલીયાને તપાસેલા છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, આ કામના ભોગ બનનાર તેમના કાકાની દીકરી થાય છે. જે હાલ બાર–તેર વર્ષની ઉમરની છે તે હાલ કેટલામુ ધોરણ ભણે છે તેની તેમને ખબર નથી. આ કામના બનાવને બે વર્ષ જેટલો સમય થયેલ છે. તેમના કાકા અને તેમના ઘરનાઓએ તેમના ગામના કાળુભાઇ

જેઠવા ઉપર કેસ કરેલ હતો. તેમની ભોગ બનનાર ભત્રીજીની આ કાળુભાઇ જેઠવાએ છેડતી કરેલ હતી. આ છેડતીમા શુ કરેલ તેની તેમને ખબર નથી. તેમને આ બનાવ બાબતે તેમના મમ્મી પપ્પાએ વાત કરેલ હતી. આ સીવાય બીજા કોઇએ વાત કરેલ નહી. પોલીસે તેમનો જવાબ લીધેલો. સાહેદ આરોપી કાળુભાઇ જેઠવાને કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે. તેઓ તેમના ગામના છે. આ સીવાય બીજુ કાઇ જાણતા નથી. સદરહુ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેઓને વિમુખ જાહેર કર્યા બાદ તેઓની ઉલટતપાસ કરવા છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

**૨૮.૧** સદર સાહેદની બચાવપક્ષે આરોપી તરફે ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે માત્ર તેમનું નામ, સરનામુ પુછેલુ તે સીવાય કાઇ પુછેલ નહી કે તેમણે પોલીસને કાઇ લખાવેલ નથી. ભોગ બનનારના બનાવ વિશે તેમને કોઇ માહીતી નથી કે પાછળથી તેમને કાઇ જાણવા મળેલ નથી.

**૨૯.** આ કામે ફરીયાદપક્ષે આંક-૪૭ થી પોલીસ સાહેદ ગીતાબેન મનુભાઇ ડાભીને તપાસેલા છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૦૭/૧૦/૨૦૨૪ ના રોજ તેઓ ગીરગઢડા પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. ચાર્જમાં હતા તે દીવસે આ કામના ફરીયાદીની પી.આઇ.શ્રી એમ.પી.ચૌહાણ સાહેબે પોતાના રુબરુ લીધેલ ફરીયાદ તેઓને ગુનો રજીસ્ટર કરવા અલગ પત્ર લખી આપતા તેઓએ આ ફરીયાદ ગીરગઢડા પોલીસ સ્ટેશન ગુ.રજી.નં. ૭૮૨/૨૦૨૪ થી બી.એન.એસ. ની કલમ ૭૫(૩), ૩૫૧(૧) તથા પોકસો એકટની કલમ ૪, ૬, ૧૨, ૧૮ મુજબ રજીસ્ટર કરી આ ગુનાની તપાસ પી.આઇ.શ્રી એમ.પી.ચૌહાણ સાહેબને ડેપ્યુટ કરેલી. તેમને આંક-૧૫ ની અસલ ફરીયાદ બતાવતા જે તેમને ગુનો દાખલ થવા માટે મળેલી તે જ છે. તેમને નીશાની ૩/૨ નો પત્ર બતાવતા જે તેમને ગુનો દાખલ થવા માટે મળેલો તે જ છે. જે આંક-

૪૮ થી રજુ છે. તેમને નીશાની ૩/૧ નો તપાસ ડેપ્યુટનો હુકમ બતાવતા જે તેમણે આ ગુનાની તપાસ પી.આઇ.શ્રી ચૌહાણ સાહેબને ડેપ્યુટ કર્યાનો પત્ર છે. જેમાં તેમની સહી ઓળખી બતાવે છે. જે આંક-૪૯ થી રજુ છે. તેમને કોર્ટના રેકર્ડ માંથી તેમણે દાખલ કરેલ અસલ એફ.આઇ.આર. બતાવતા જે તેમણે નામદાર કોર્ટ તરફ મોકલી આપેલ તે જ છે જેમાં પી.એસ.ઓ. તરીકે તેમની સહી ઓળખી બતાવે છે. જે આંક-૫૦ થી રજુ છે. તેમણે સ્ટેશન ડાયરીમા આ બાબતે નોંધ કરેલી. સદર સાહેદની બચાવપક્ષે આરોપી તરફે ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ સરતપાસમા જણાવેલ કામગીરી સીવાય આ કામે અન્ય કોઇ કામગીરી કરેલ નથી.

૩૦. આ કામે ફરીયાદપક્ષે આંક-૫૫ થી તપાસ અધિકારી મેહુલકુમાર પ્રવિણભાઇ ચૌહાણને તપાસેલા છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૦૭/૧૦/૨૪ ના રોજ તેઓ ગીરગઢડા પો.સ્ટે. પોલીસ ઇન્સ. તરીકે ફરજ બજાવતા હતા. તે દીવસે આ કામના ફરીયાદી, રહેવાસી પીછવી વાળાએ તેમના રૂબરૂ આવી પોતાની ફરીયાદ હકીકત જાહેર કરેલ, જે તેમણે ફરીયાદીના લખાવ્યા મુજબ લખી લીધેલ. તેઓ પોતાની જુબાનીમાં ફરીયાદના કન્ટેન્ટ વર્ણવે છે તેમજ આંક-૧૫ વાળી અસલ ફરીયાદમાં તેમના રૂબરૂ ફરીયાદીના અંગુઠાનું નીશાન તેમજ તેમની સહી ઓળખી બતાવે છે. તેમણે આ ફરીયાદ પી.એસ.ઓ. ગીરગઢડાને ગુનો દાખલ કરવા અલગ પત્રથી આપેલી. તેમને આંક-૪૮ નો પત્ર બતાવતા જે તેમણે ફરીયાદ સાથે પી.એસ.ઓ. ને આપેલ તે જ છે. પી.એસ.ઓ. ગીરગઢડાએ આ ફરીયાદ ગુના રજી નં. ૭૮૨/૨૪ થી બી.એન.એસ. ની કલમ ૭૫(૩), ૩૫૧(૧) તથા પોકસો એકટની કલમ-૪, ૬, ૧૦ તથા ૧૮ મુજબ રજીસ્ટર કરી આગળની તપાસ તેઓને ડેપ્યુટ કરતા તેઓએ સંભાળી લીધેલ. તેમને આંક-૪૯ નો તપાસ ડેપ્યુટનો હુકમ બતાવતા જે તેમને મળેલો તે જ છે. તેઓએ આ કામે લાગતા

વળગતા સાહેદોના તેમજ ભોગબનનારના નીવેદનો નોંધેલા. તેઓએ ભોગબનનારના નીવેદનો સામાજીક મહીલા કાર્યકર ગીરગઢડાના શ્રી ગીતાબેન રમેશભાઇ આંબલીયા તથા મહીલા પો.કોન્સ. ધ્રુપલબેન નારણભાઇ બારડની હાજરીમાં તેમજ ભોગબનનારના કુટુંબીઓની હાજરીમાં લીધેલા. આ કામના ભોગબનનારના સી.આર.પી.સી. કલમ ૧૬૪ મુજબના નીવેદનો લેવડાવેલ. આ કામે ભોગબનનારના જન્મના પ્રમાણપત્ર મેળવી તપાસના કામે સામેલ રાખેલ. આ કામે બે પંચોને બનાવવાળી જગ્યાએ પંચનામુ કરવાની સમજ આપી પંચો રૂબરૂ આ કામના ફરીયાદીએ બનાવવાળી સ્થાનીક જગ્યા જે પીછવી ગામે ખોડીયાર મંદીર પાસે આવેલ હતી તે બતાવતા આ બનાવ ખોડીયાર મંદીરના ગ્રાઉન્ડ બાદ સીમેન્ટનો ઓટો આવેલ હતો ત્યાં બનેલાનું જણાવતા તેનું સ્થળ સ્થીતીનું વિગતવાર પંચનામુ કરેલ અને તેમાં પંચોની સહી લીધેલી. તેમને આંક–૨૩ નું પંચનામુ બતાવતા તેમાં તેમના રૂબરૂ પંચોની તથા તેમની સહી ઓળખી બતાવે છે. તપાસ દરમ્યાન આરોપીને અટક કરી શકાય તેટલા પુરતા પુરાવા હોય તે અંગેની સમજ આપી બે પંચોને પંચમાં રાખેલ અને પંચો રૂબરૂ કાળુભાઇ નાનજીભાઇ જેઠવાને અટક કરેલ અને બનાવમાં ઉપયોગમાં લીધેલ રીયલ મી કંપનીનો એન્ડ્રોઇડ મોબાઇલ મળી આવેલ જે મોબાઇલ ચાલુ હાલતમાં હતો. આ મોબાઇલની અંદર રહેલ ફોલ્ડર ઓપન કરી જોતા તેમાં અલગ–અલગ પોંન વિડીયો ઓનલાઇન જોવા મળેલ. જે મોબાઇલ પંચો રૂબરૂ પંચનામાની વિગતે કબ્જે લઇ આરોપીને અટક કરેલ. તેમને આંક–૨૪ નુ પંચનામુ બતાવતા તેમાં તેમના રૂબરૂ પંચોની સહી તેમજ તેમની સહી ઓળખી બતાવે છે. ચાલુ તપાસ દરમ્યાન તેઓની બદલી થતા થયેલ તપાસના કાગળો ગીરગઢડા પોલીસ સ્ટેશનમાં જમા કરાવેલા. વધુમાં તેઓ વિમુખ સાહેદોના નિવેદનો પોતાની જુબાનીના માધ્યમથી પુરવાર કરે છે.

**૩૦.૧** સદર સાહેદની બચાવપક્ષે આરોપી તરફે ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદ તેમના રૂબરૂ આપવામાં આવેલ છે તેમજ ગુનાની તપાસ પણ તેઓએ જ કરેલ છે. જયારે અન્ય પ્રશ્નોના નકારમાં જવાબ આપેલ છે.

**૩૧.** આ કામે ફરીયાદપક્ષે આંક-૫૬ થી તપાસ અધિકારી યશવંત રાજાભાઈ ચૌહાણને તપાસેલા છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, નવેમ્બર-૨૦૨૪ ના અરસામા તેઓ ગીરગઢડા પો.સ્ટે. પોલીસ ઈન્સ. તરીકે ફરજ બજાવતા હતા. તેમના અગાઉ ગીરગઢડા પો.સ્ટે. ગુ.ર.નં. ૭૮૨/૨૦૨૪ ના ગુનાની તપાસ તેઓના પુરોગામી પી.આઇ. એમ.પી.ચૌહાણ ચલાવી રહેલ હતા અને તેઓની બદલી થતા આ ગુનાની તપાસ તેઓએ સંભાળેલી. આ કામે થયેલ તપાસનો અભ્યાસ કરેલો. લાગતા વળગતા સાહેદોના નીવેદનો નોંધેલા. આ કામના આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરી શકાય તેટલા પુરતા પુરાવા હોય તેઓએ આરોપી વિરૂધ્ધ નામદાર કોર્ટમા ચાર્જશીટ રજુ કરેલુ. તેમને પોલીસ પેપર્સ માથી એફ.એસ.એલ. નો રવાનગી પત્ર તથા તે સાથેનો પરીક્ષણ રીપોર્ટ તેમજ બી.એસ.એ., ૨૦૨૩ ની અધીનીયમની કલમ ૬૩(૪)(સી) મુજબનુ પ્રમાણપત્ર બતાવવામા આવે છે. જે સંયુકત આંક-૫૭ થી રજુ છે. વધુમાં તેઓ વિમુખ સાહેદોના નિવેદનો પોતાની જુબાનીના માધ્યમથી પુરવાર કરે છે.

**૩૧.૧** સદર સાહેદની બચાવપક્ષે આરોપી તરફે ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ આરોપીને અટક કરેલ નથી. જયારે અન્ય પ્રશ્નોના નકારમાં જવાબ આપેલ છે.

**૩૨.** **<u>ઉપરોકત બાબતોએ રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન</u> :-**

**૩૨.૧** આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારૂ કુલ ઓગણીશ સાહેદોને તપાસેલા છે. સદરહુ સાહેદોમાં બે ભોગ બનનાર સાહેદો,

સ્વતંત્ર સાહેદો, સરકારી સાહેદો તેમજ પોલીસ સાહેદોનો સમાવેશ થાય છે. બન્ને ભોગ બનનારાઓ અઢાર વર્ષથી ઓછી ઉંમરના હોવાની હકિકત પુરવાર થયેલ છે, જે અંગેની ચર્ચા ઉપર કરવામાં આવેલ હોઇ, અત્રે તેનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી. ભોગ બનનાર જયારે પુખ્ત વયના ન હોય ત્યારે સંમતિનો કોઇ પ્રશ્ન રહેતો નથી. ફરીયાદપક્ષે આક્ષેપિત ગુનો બન્ને ભોગ બનનારાઓ સાથે આચરેલ હોવાની હકિકત પુરવાર કરવાની રહે છે, જેના અનુસંધાને બન્ને ભોગ બનનાર સાહેદોની જુબાનીઓની મુલવણી કરવામાં આવે તો ભોગ બનનાર-૧ ને આંક-૧૨ થી તેમજ ભોગ બનનાર-૨ ને આંક-૧૬ થી તપાસવામાં આવેલ છે. સદરહુ બન્ને બાળ સાહેદો યોગ્ય રીતે જુબાની આપવા સક્ષમ છે કે કેમ? તે અંગેની ખરાઇ કર્યા બાદ તેઓની સવાલ જવાબના સ્વરૂપમાં તેઓ સમજી શકે તે રીતે જુબાની લેવામાં આવેલ છે, પરંતુ તેઓની જુબાનીઓ મુજબ તેઓ બનાવના દિવસે પોતાની સ્કુલે ગયેલા અને આમ, તેઓ બનાવવાળી જગ્યાએ ઉપલબ્ધ નહિં હોવાનું ફલિત થાય છે. વધુમાં તેઓ આરોપીઓને ઓળખતા નહિં હોવાનું જણાવે છે. વધુમાં તેઓની સાથે કોઇ જ ખરાબ બનાવ નહિં બનેલ હોવાનું જણાવે છે. વધુમાં તેઓને આવી જુબાની આપવા કોઇએ દબાણ કરેલ છે અથવા તો કોઇએ સમજાવેલ છે કે કેમ? તે અંગેની ખાતરી પણ કરવામાં આવેલ છે, પરંતુ તેઓએ તે સજેશનનો ઇન્કાર કરેલ છે. આમ, તેઓ બન્ને સ્વતંત્ર રીતે કોઇપણ જાતના દબાણ વગર જુબાની આપતા હોય તેમ જણાઇ આવે છે. આમ, બન્ને ભોગ બનનાર સાહેદોની જુબાનીઓ ધ્યાને લેવામાં આવે તો તેઓની સાથે કોઇ બનાવ બનેલ હોય તેમ જણાઇ આવતું નથી તેમજ તેઓ આરોપીને ઓળખતા પણ નહિં હોવાનું જણાવે છે અને આમ, સદરહુ બન્ને સાહેદોના પુરાવા પરથી આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી. સદરહુ બન્ને ભોગ બનનારાઓ આક્ષેપિત બનાવમાં ખૂબ જ મહત્વના સાહેદો છે. તેઓ સિવાય બનાવ કોઇએ નજરે જોયેલ નથી. ભોગ બનનારાઓ સિવાયના તમામ સાહેદો હિયરસે છે અને આમ,

મહત્વના ભોગ બનનારાઓની જુબાનીઓથી જ ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતું નથી અને તેથી તેઓની જુબાનીઓ થકી આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

**૩૨.૨** આ કામના ફરીયાદી નયનાબેન મેરૂભાઇ ભાલીયાની આંક-૧૪ વાળી જુબાની ઘ્યાને લેવામાં આવે તો તેણી એક ભોગ બનનારની માતા છે. ફરીયાદપક્ષના કેસ મુજબ તેણીએ બનાવની વાત ભોગ બનનાર પાસેથી જાણેલ છે અને તેના આધારે ફરીયાદ દાખલ કરેલ છે, પરંતુ તેણીની કોર્ટ રૂબરૂની જુબાની ઘ્યાને લેવામાં આવે તો આ કામના આરોપીને તેણીના પતિ સાથે બોલાચાલી થતા તેઓએ સામસામી ફરીયાદ કરેલાનું જણાવે છે. સદરહુ બોલાચાલી સિવાય આ કેસ બાબતેનો કોઇ બનાવ બનેલ નહિં હોવાનું તેણી જણાવે છે. તેણી પોતાની જુબાનીમાં આંક-૧૫ વાળી ફરીયાદ રજૂ કરે છે, પરંતુ ફરીયાદના કન્ટેન્ટને પોતાની જુબાનીમાં પુરવાર કરતા નથી અને તેથી ફરીયાદપક્ષે તેણીને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં તેઓ ફરીયાદને સમર્થનકારી હકિકતો જણાવતા નથી. આરોપી તેમના ગામના અને કુટુંબી થતા હોવામાત્રથી તેઓને ઓળખી બતાવે છે. તેઓની ઉલટ તપાસમાં તેઓની ભોગ બનનાર દિકરી સાથે કોઇપણ પ્રકારનો બનાવ બનેલ નહિં હોવાનું જણાવે છે અને વધુમાં જણાવે છે કે, બનાવના દિવસે તેઓની ભોગ બનનાર દિકરી પોતાની સ્કુલે ગયેલી. આમ, ફરીયાદીની જુબાની પરથી આ કામના આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

**૩૨.3** ફરીયાદપક્ષે આંક-૧૮ થી અન્ય ભોગ બનનારના પિતા ભીમાભાઇ કાળુભાઇ કવાડને તપાસેલા છે. તેઓની જુબાની ઘ્યાને લેવામાં આવે તો તેઓ પોતાના પોલીસ રૂબરૂના નિવેદનને લેશમાત્ર સમર્થન આપતા નથી તેમજ તેઓની ભોગ બનનાર દિકરી સાથે કોઇ જ બનાવ બનેલ નહિં હોવાનું જણાવે છે. આમ, સદરહુ સાહેદના પુરાવા પરથી પણ આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

તેઓની ઉલટ તપાસમાં પણ તેઓને બનાવની જાતમાહિતી નહિં હોવાનું તેમજ પછીથી પણ જાણવા મળેલ નહિં હોવાનું જણાવે છે. આમ, સદરહુ સાહેદની જુબાની ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થતી નથી.

**૩૨.૪** ફરીયાદપક્ષે આંક–૧૯ થી તલાટી કમ મંત્રી પારસભાઇ ધીરૂભાઇ બાંભણીયાને તપાસેલા છે અને તેઓએ પોતાની જુબાનીમાં બન્ને ભોગ બનનારની જન્મ તારીખ અંગેના દસ્તાવેજો રજૂ કરેલા છે. સદરહુ સાહેદની જુબાનીની અગાઉ ચર્ચા થઇ ગયેલ છે તેમજ બન્ને ભોગ બનનાર અઢાર વર્ષથી નાની ઉંમરની હોવાનું આ કોર્ટે માનેલ છે અને તેથી સદરહુ સાહેદની જુબાનીના મુલ્યાંકનનું પુનરાવર્તન કરવાનું ટાળેલ છે.

**૩૨.૫** આંક–૩૦ થી તપાસવામાં આવેલ સાહેદ મેરુભાઇ જોધાભાઇ ભાલીયા પ્રથમ ભોગ બનનારના પિતા છે, પરંતુ તેઓ પણ ફરીયાદપક્ષના કેસને કે પોતાના પોલીસ રૂબરૂના નિવેદનને લેશમાત્ર સમર્થન આપતા નથી. તેઓના વડીલોને આરોપીના વડીલો સાથે અગાઉ ઝઘડો થયેલાનું જણાવે છે, પરંતુ આ કામના બનાવની તેઓને કોઇ જ માહિતી નહિં હોવાનું તેમજ તેઓના પત્નીએ પણ તે અંગેની તેઓને કોઇ જ વાત કરેલ નહિં હોવાનું જણાવે છે અને આમ, સદર સાહેદનો પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થતો નથી. આંક–૩૧ થી તપાસવામાં આવેલ સાહેદ જસુભાઇ જોધાભાઇ ભાલીયા પ્રથમ ભોગ બનનારના કાકા છે, પરંતુ તેઓની જુબાની ધ્યાને લેવામાં આવે તો કોનો કેસ કરેલ હતો તેની પણ તેઓને માહિતી નહિં હોવાનું જણાવે છે. તેઓની જુબાની પરથી આ કામના આરોપીને આક્ષેપિત ગુના સાથે સાંકળી શકાય તેમ નથી. આમ, સદર સાહેદની જુબાની ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થતી નથી. આંક–૩૨ વાળા સાહેદ ગૌતમભાઇ જસુભાઇ ભાલીયા પ્રથમ ભોગ બનનારના પિતરાઇ ભાઇ છે, જેઓની સરતપાસ મુજબ તેઓને બનાવની જાણ થયેલી, જેમાં આ કામના આરોપીએ ભોગ

બનનારનો હાથ પકડેલો અને છેડતી કરેલી, તે સિવાયની બીજી કોઈ માહિતી તેઓ પાસે નહિં હોવાનું જણાવે છે. તેઓની ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો તેઓ બનાવ વિશે કાંઈ જાણતા નહિં હોવાનું તેમજ પોલીસે માત્ર તેઓનું નામઠામ પુછેલાનુ અને તે સિવાય બીજુ કાંઇ પુછેલ નહિં હોવાનું જણાવે છે. વધુમાં જયારે ભોગ બનનાર તેમજ ફરીયાદી જ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી હકિકત પોતાના મૌખિક પુરાવામાં જણાવતા ન હોય ત્યારે માત્ર હિયરસે સાહેદના પુરાવાના આધારે આરોપીની ગુનામાં સંડોવણી હોવાનું માની શકાય તેમ નથી.

**૩૨.૬** ફરીયાદપક્ષે આંક–૩૩ થી સાહેદ હિરુબેન કાળુભાઈ કવાડને તપાસેલા છે, જેઓ બીજી ભોગ બનનારના દાદી છે, પરંતુ તેઓની જુબાની મુજબ તેઓની પૌત્રી સાથે કોઈ બનાવ બનેલ નહિં હોવાનું તેણી જણાવે છે અને તેથી તેણીની જુબાની પરથી પણ આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

**૩૨.૭** આંક–૩૪ થી સ્વતંત્ર સાહેદ ભુપતભાઈ ભગવાનભાઈ જાદવને તપાસેલા છે. તેઓ પ્રાથમિક શાળામાં આચાર્ય છે અને તે જ સ્કુલમાં બન્ને ભોગ બનનાર બાળકીઓ અભ્યાસ કરતી હતી. તેઓએ પોતાની જુબાનીમાં આંક–૩૫ વાળા હાજરી પત્રકની નકલ રજૂ કરેલ છે, જે મુજબ બનાવના દિવસે બન્ને ભોગ બનનારની સ્કુલમાં હાજરી હોવાનું પુરવાર થયેલ છે અને તે હકિકત ઉલટ તપાસના માધ્યમથી પણ બહાર લાવવામાં આવેલ છે અને આમ, બનાવના દિવસે અને સમયે ભોગ બનનારની હાજરી બનાવવાળી જગ્યાએ હોવાનું ફલિત થતું નથી.

**૩૨.૮** આંક–૩૭ થી તપાસવામાં આવેલ સાહેદ શૈલેષભાઈ દાદુભાઈ ભાલીયા એ પ્રથમ ભોગ બનનારના પિતરાઈ ભાઈ છે. તેઓની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓ પણ બનાવની કોઈ જ હકિકતથી વાકેફ હોય તેમ જણાઈ આવતું નથી. આંક–૩૮ વાળા

સાહેદ સુંદરબેન જોધાભાઇ ભાલીયા ભોગ બનનારના દાદી થાય છે, પરંતુ તેઓની જુબાની મુજબ તેઓને પણ બનાવની કોઇ માહિતી નહિં હોવાનું બહાર આવે છે અને તેથી તેઓની જુબાનીના આધારે પણ આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી. આંક-૩૯ થી તપાસવામાં આવેલ સાહેદ ભાવનાબેન ઉર્ફે ભાણીબેન રેવતભાઇ ભાલીયા ભોગ બનનારના કાકી છે, પરંતુ તેઓ પણ પોતાના પોલીસ રૂબરૂના નિવેદનને લેશમાત્ર સમર્થન આપતા નથી કે આક્ષેપિત બનાવ અંગેની તેઓને જાણકારી હોય તેમ જણાવતા નથી અને તેથી તેઓની જુબાની પણ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થતી નથી. આંક-૪૧ થી તપાસવામાં આવેલ સાહેદ રેવતભાઇ જોધાભાઇ ભાલીયા ભોગ બનનારના કાકા થાય છે, પરંતુ તેઓએ પણ બનાવની કોઇ હકિકત જાણેલ નહિં હોવાનું પોતાની જુબાનીમાં જણાવે છે. આમ, તેઓની જુબાની પણ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થતી નથી. આંક-૪૨ થી તપાસવામાં આવેલ સાહેદ જયદીપભાઇ જસુભાઇ ભાલીયા એ ભોગ બનનારના પિતરાઇ ભાઇ થાય છે. તેઓના કથન મુજબ આરોપીએ ભોગ બનનારની છેડતી કરેલી, પરંતુ છેડતીમાં શું કરેલ તેની તેઓને માહિતી નહિં હોવાનું જણાવે છે. વધુમાં તેઓને બનાવની કોઇ વાત કરેલ નહિં હોવાનું જણાવે છે તેમજ બચાવપક્ષની ઉલટ તપાસમાં તેઓને ભોગ બનનારના બનાવ વિશે કોઇ માહિતી નહિં હોવાનું જણાવે છે અને આમ, સદર સાહેદના પુરાવા પરથી પણ આરોપીને સ્પષ્ટપણે ગુના સાથે સાંકળી શકાય તેમ નથી. આમ, બન્ને ભોગ બનનાર, ફરીયાદી તથા તમામ સ્વતંત્ર સાહેદોનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેવો લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી.

**૩૩. પોલીસ સાહેદોના પુરાવાનું મુલ્યાંકન.**

**૩૩.૧** પોલીસ સાહેદોના પુરાવાની ચર્ચા કરવામાં આવે તો આંક-૨૫ થી પોલીસ સાહેદ ધૃપલબેન નારણભાઇ બારડને તપાસવામાં આવેલા

છે, જેઓની રૂબરૂમાં બન્ને ભોગ બનનારના પોલીસ ઇન્સ્પેકટરશ્રીએ નિવેદનો લીધેલા છે. તેઓ પોતાની સરતપાસમાં તેઓએ કરેલ કાર્યવાહીને વળગી રહે છે, પરંતુ આ તબકકે બન્ને ભોગ બનનારના પુરાવા ધ્યાને લેવામાં આવે તો તેઓ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપતા નથી અને જયારે ભોગ બનનારાઓ જ પોતાના નિવેદનને સમર્થન આપતા ન હોય ત્યારે માત્ર પોલીસ સાહેદના પુરાવાના આધારે આરોપીને ગુના સાથે સાંકળવા યોગ્ય અને ન્યાયી જણાતા નથી. આંક–૪૭ થી તપાસવામાં આવેલ પોલીસ સાહેદ ગીતાબેન મનુભાઇ ડાભીની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓ તરફ ફરીયાદ આવતા તેઓએ તેને રજીસ્ટર કરેલ છે, એફ.આઇ.આર. ફાડેલ છે તેમજ તપાસની સોંપણી કરેલ છે. તે સિવાયની અન્ય કોઇ કામગીરી કરેલ નથી. આમ, સદર સાહેદની જુબાની માની લેવામાં આવે તો પણ તેના થકી આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

**૩૩.૨** આંક–૫૫ થી તપાસ કરનાર અમલદાર મેહુલકુમાર પ્રવિણભાઇ ચૌહાણને તથા આંક–૫૬ થી અન્ય તપાસ કરનાર અમલદાર યશવંત રાજાભાઇ ચૌહાણને તપાસેલા છે. સદરહુ બન્ને તપાસ કરનાર અમલદારોએ તેઓએ તપાસ દરમ્યાન કરેલ કાર્યવાહીને પોતાની જુબાનીમાં વર્ણવેલ છે અને તેમજ દસ્તાવેજી આધારો પોતાની જુબાનીમાં રીફર કરેલ છે, પરંતુ અગાઉ થયેલ ચર્ચાનુસાર બેમાંથી એકપણ ભોગ બનનાર આરોપીને ગુના સાથે સાંકળતા નથી. ફરીયાદી સહિતના એકપણ સ્વતંત્ર સાહેદ આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેવો પુરાવો આપતા નથી અને તેથી માત્ર પોલીસ સાહેદોના પુરાવાના આધારે આરોપીને ગુના સાથે સાંકળવા યોગ્ય અને ન્યાયી જણાતું નથી.

**૩૪.** દસ્તાવેજી પુરાવાની ચર્ચા કરવામાં આવે તો આંક–૧૫ થી ફરીયાદ રજૂ થયેલ છે, પરંતુ ફરીયાદીની જુબાની થકી ફરીયાદના કન્ટેન્ટ પુરવાર થતા નથી. બન્ને ભોગ બનનાર સાહેદોના ફોજદારી કાર્યરીતિ

સંહિતાની કલમ–૧૬૪ મુજબના નિવેદનો લેવામાં આવેલ છે અને તે પુરાવામાં રજૂ પણ થયેલ છે, પરંતુ ભોગ બનનાર સાહેદોના પુરાવા થકી સદરહુ નિવેદનોના કન્ટેન્ટ પુરવાર થતા નથી. ઉલ્ટાનું તેઓ કલમ–૧૬૪ મુજબના નિવેદનોથી બિલકુલ વિપરીત હકિકતો પોતાના પુરાવામાં જણાવે છે. આંક–૨૧ તથા આંક–૨૨ થી ભોગ બનનારના બર્થ સર્ટીફીકેટસ રજૂ થયેલ છે અને તે આ કોર્ટે માનેલ છે, જેની ચર્ચા અગાઉ થઇ ગયેલ હોઇ, પુનરાવર્તન કરેલ નથી. આંક–૨૩ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું રજૂ થયેલ છે, પરંતુ બનાવવાળી જગ્યાએ કોઇ નિશાન મળી આવેલ નથી કે કોઇ ચીજવસ્તુ કબજે કરવામાં આવેલ નથી અને તેથી સદર દસ્તાવેજ પણ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થતો નથી. આંક–૨૪ થી આરોપીનું અટક પંચનામું રજૂ થયેલ છે, જેના માધ્યમથી આરોપીને અટક કરવામાં આવેલ છે. આરોપીની અટક નિર્વીવાદ છે. તેઓની પાસેથી મુદ્દામાલ તરીકે મોબાઇલ કબજે કરવામાં આવેલ છે, પરંતુ મોબાઇલમાંથી કોઇ પુરાવો મળી આવેલાનો ફરીયાદપક્ષનો કેસ નથી કે તે મુજબનો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આંક–૫૭ થી એફ.એસ.એલ. રીપોર્ટ રજૂ થયેલ છે, જેના પરીક્ષણ મુજબ પોર્નોગ્રાફીની સર્ચ કરેલ એપ્લીકેશન સદરહુ મોબાઇલ ફોનમાંથી મળી આવેલાનું બહાર આવેલ છે, પરંતુ સાહેદોના પુરાવા થકી સદરહુ મોબાઇલનો ગુનામાં ઉપયોગ થયેલાની હકિકત પુરવાર થતી નથી. ઉલ્ટાનું ભોગ બનનાર બન્ને સાહેદો બનાવના દિવસે અને સમયે પોતાની સ્કુલમાં હોવાનું પુરવાર થયેલ છે અને આમ, સદરહુ દસ્તાવેજી પુરાવાના આધારે પણ આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી. આમ, ફરીયાદપક્ષ આક્ષેપ મુજબનો ગુનો આરોપી વિરૂધ્ધ નિ:શંકપણે પુરવામાં કરવામાં નિષ્ફળ નિવડેલાનું માની મુદ્દા નં. (૨) નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. (૩) પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

**(૧)** આ કામના આરોપી કાળુભાઈ નાનજીભાઈ જેઠવા, રહે.પીછવી, હે.ખોડીયાર મંદીરની બાજુમાં, તા.ગીરગઢડા, જી.ગીર સોમનાથ વાળાને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૨૫૮(૧) મુજબ તેઓ સામે આક્ષેપાયેલ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ–૭૫(૩), ૩૫૧(૧) તથા પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકશ્યુઅલ ઓફેન્સીસ એકટ, ૨૦૧૨ ની કલમ–૪, ૬, ૧૨ તથા ૧૮ મુજબના ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૪૮૧ મુજબ અપીલ અદાલત સમક્ષ હાજર રહેવા માટે આરોપીએ રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપીયા પંદર હજાર પુરા) ના જાત મુચરકા તથા સધ્ધર જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** અપીલ સમય બાદ મુદામાલ અંગે વચગાળાના તબકકે જો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે આથી કાયમ રાખવામાં આવે છે, અન્યથા તેની માલ્કિીની ખરાઈ કરી અપીલના અંતે તે પરત સોંપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ–૦૩જી, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:– ઉના
તારીખ:–૦૩–૦૮–૨૦૨૬

(સુનિલ એમ. ગોવાણી),
૩જા એડીશ્નલ સેશન્સ જજ,
ઉના, જીલ્લો:– ગીર સોમનાથ.
કોડ નં. જીજે૦૦૯૧૮